વર્ષ ૨ | સળંગ અંક ૧૩ | ઓગષ્ટ, ૨૦૨૩

"એક પગલું પ્રગતિશીલ પેરન્ટીંગ તરફ..."

# પેરન્ટોલોજી



## ઉંદરભાઈની આંખો આવી

ઉંદરભાઈની આંખો આવી,
પાણી છાંટ્યું પટપટાવી,
દુ:ખાવો તો શમે નહીં,
ઉંદરભાઈને ગમે નહીં.

આંખના ડૉકટર સસ્સારાણા
ઉંદરભાઈને ખૂબ ખીજાણા
કાજળ - સુરમો કરતા'તા ?
તડકામાં બહુ ફરતા'તા ?
ટીવી - મોબાઈલ જોતા'તા ?
મોડા મોડા સૂતા'તા ?

ઉંદરભાઈ તો શરમાઈ ગયા
નીચું જોયું ગભરાઈ ગયા.

સસ્સારાણા ટીપાં નાખે,
સાથોસાથ શીખામણ આપે,
કાજળ - સુરમો કરતા નહીં,
તડકામાં બહુ ફરતા નહીં,
ટીવી મોબાઈલ જોતાં નહીં,
મોડા મોડા સૂતા નહીં !

આંખના ખટકા મટી ગયા,
ટીવી મોબાઈલ છુટી ગયા,
ઉંદરભાઈ તો વાંચે છે !
આંખની કાળજી રાખે છે !

- ડૉ. આઈ. કે. વીજળીવાળા

## સોનેરી બૉક્સ

થોડાંક વરસો પહેલાંની વાત છે. એક માણસે પોતાની પાંચ વરસની દીકરીને ખૂબ જ મારી. છોકરીનો વાંક એટલો જ કે એના પિતાએ વેચવા માટે આપેલા એક સોનેરી કાગળમાંથી એણે એક મોટો ટુકડો કાપી લીધો હતો. એ કાગળ વીંટાળીને એ નાનકડી છોકરીએ એક સુંદર મજાનું ગિફ્ટબોક્સ બનાવ્યું હતું. એ કંઈક કહેવા ગઈ પણ એના પપ્પા કંઈ પણ સાંભળવા તૈયાર જ નહોતા. મંદી, આર્થિક સંકડામણ, દેવું વગેરે પ્રશ્નોથી અકળાયેલા પપ્પાને આ નાનકડું નુકસાન પણ પહાડ જેવું મોટું લાગી રહ્યું હતું.

છોકરી બિચારી રડતી રડતી સૂઈ ગઈ. સવારમાં પેલો માણસ ઊઠયો ત્યારે એની નાનકડી દીકરી આગલી રાતનો માર ભૂલીને એના ખાટલા પાસે હસતી હસતી ઊભી હતી. એના હાથમાં પેલું સોનેરી ગિફ્ટ બૉક્સ હતું. સૂઝેલા ગાલને ભૂલીને એણે એની પપ્પા સામે એ બોક્સ લંબાવ્યું અને કહ્યું, વ્હાલા પપ્પા ! આ તમારા માટે ગિફ્ટ છે ! આજે તમારો બર્થ ડે છે ને ! ? હેપી બર્થ ડે પપ્પા !

પપ્પાને સંકોચ થયો. આગલી રાત્રે નાનકડી વાત માટે દીકરીને મારી તેનો એને પસ્તાવો પણ થયો. એણે દીકરીને ખોળામાં બેસાડી. પછી પેલું બોક્સ ખોલ્યું. ખોલતાં જ એના ચહેરા પર કડવાશ આવી ગઈ. બૉક્સ સાવ ખાલીખમ હતું એ બોલ્યો, એલી ચાંપલી ! તને ખ્યાલ છે ખરો કે ખાલી ગિફ્ટ બૉક્સ ક્યારેક ભેટમાં ન અપાય ? એટલું કહીને એણે બૉક્સનો ઘા કરી દીધો.

દીકરીની નાનકડી આંખોમાં આંસુ આવી ગયાં. દોડીને એણે એ બૉક્સ ઉઠાવી લીધું. રડતાં રડતાં એ બોલી, પપ્પા! એ ખાલી નથી ! એ આખું ભરાઈ જાય ત્યાં સુધી મેં એમાં તમારા માટે પપ્પીઓ (KISSES) ભરી છે.

તમને ખૂબ ખૂબ વહાલની પપ્પીઓ પપ્પા ! અને એ હીબકે ચડી ગઈ.

હવે રડવાનો વારો બાપનો હતો. એને પારાવાર પસ્તાવો થયો. ઘૂંટણિયે પડીને એણે બાળકીને હૃદય સરસી ચાંપી દીધી. ખૂબ વહાલ કરતાં કરતાં એ એટલું જ બોલી શકયો : "મને માફ કરી દેજે બેટા! "

એ પછી થોડાક જ મહિનાઓ બાદ એક વાહન અકસ્માતમાં એ નાનકડી બાળકીનું મૃત્યુ થયું. પરંતુ એ પપ્પા જીવ્યો ત્યાં સુધી પોતાના ઓશીકે પેલુ ગોલ્ડન (સોનેરી) ગિફ્ટ બૉક્સ રાખતો. જયારે પણ એ હતાશ થતો કે હિંમત હારતો ત્યારે પેલું બૉક્સ ખોલતો અને એની નાનકડી દીકરીએ આપેલ વહાલની પપ્પીઓને એમાંથી બહાર કાઢતો. એનાથી એ હિંમત તેમજ શાંતિ મેળવતો. થોડાંક આંસુ એ ઢીંગલીની યાદમાં સારતો.

આપણાં બાળકો આપણને રોજ રોજ આવાં ગોલ્ડન બૉકસ આપે જ છે. શું આપણે એ લોકોએ એમાં ભરેલી વહાલની પપ્પીઓને જોઈ શકીએ છીએ ખરા ? !



મૂળ શીર્ષક : ધ બૉક્સ

# બાળકની અંદર વિશ્વાસ ઉગાડવા માટે શું કરવું જોઈએ.



### ૧. બાળકની વાતોને ધ્યાનથી સાંભળવી :

બાળકની આંખોમાં આંખો નાંખીને, એક પણ શબ્દ બોલ્યા વગર સંપૂર્ણપણે મૌન રહીને, તેની વાત સાંભળવી અને સમજવી એ વિશ્વાસ કેળવવાનું પહેલું પગથિયું છે.

બાળક હંમેશા કોડવર્ડમાં બોલતું હોય છે. એ જે અનુભવે છે એ જ વસ્તુ એ ઉચ્ચારી નથી શકતું. માટે એના શબ્દો એટલા રિલાયેબલ નથી હોતા. આપણે 'બિટવીન ધ લાઈન્સ' વાંચવી પડે છે. એ જયારે આપણને એમ કહે છે કે ' હું અહીંથી નહીં જાઉં ' ત્યારે એને ડર લાગતો હોય છે કે કદાચ એને છોડીને આપણે ક્યાંક ચાલ્યા જઈશું.

મારે નિશાળ નથી જવું. એના ઘણા બધા અર્થો છે. સૌથી મોટું કારણ એનું એ હોય શકે કે બાળકનાં મમ્મી - પપ્પા વચ્ચે સતત ઝઘડાઓ થતા હોય મમ્મી ઘર છોડી દેવાની ધમકી આપતી હોય. બાળક નિશાળે જવાની ના એટલા માટે પાડે છે કારણ કે એને ડર છે કે એ નિશાળે હશે, એ દરમિયાન એના પપ્પા કાં તો એની મમ્મી પર હાથ ઉપાડશે અથવા મમ્મી ઘર છોડીને ચાલી જશે. બાળકના મનમાં રહેલો આ ડર તે આપણી સામે અભિવ્યકત નથી કરી શકતું, એટલે એ આપમેળે પોતાનો ઉપાય શોધી કાઢે છે. કે હું જો ઘરમાં રહું તો આવું કંઈ થાય જ નહીં. આ એક એનું ડિફેન્સ મિકેનિઝમ છે.

બાળક રડતાં રડતાં જયારે આપણને એમ કહે કે તમે બહુ ખરાબ છો અથવા તમે મને નથી ગમતા એનો અર્થ એમ છે કે બાળક આપણને એટલો બધો પ્રેમ કરે છે કે ' એ આપણને છોડીને કયાંય જવા નથી માંગતું. એનો હિડન મેસેજ એ હોય છે કે મારે પ્લે - સ્કૂલમાં કે ટયુશનમાં નથી જવું. મારે તમારી સાથે સમય પસાર કરવો છે. '

બાળકના રડવાનો કર્કશ અવાજ સૂચવે છે કે એ ઘરમાં પ્રેમ અને સમયની ગંભીર ઊપણ છે. બાળકનું રડવું, ચીડચીડિયા થઈ જવું, ક્રેન્કી થઈ જવું, ગુસ્સે થઈ જવું કે આક્રમક થઈ જવું દર્શાવે છે કે એ બાળકને સૌથી વધારે પ્રેમ અને સમયની જરૂર છે. આ બધાં તો લક્ષણો છે. બીમારી તો એ છે કે એને પ્રેમ નથી મળી રહ્યો. એટેન્શન નથી મળી રહ્યું. એટલે આ બધા લક્ષણો દ્વારા બાળક આપણને હિન્ટ આપે છે કે 'મારો ઈલાજ કરો.' અને બાળકની શ્રેષ્ઠ સારવાર પ્રેમ અને વ્હાલથી જ થાય છે. માટે બાળકની તકલીફોને, તેમની વાતોને ધ્યાનથી સાંભળવી જરૂરી છે. આપણા ખુરાફાતી મગજનો ઉપયોગ ત્યાં કરવાનો છે. બાળકની વાતોને 'ડિકોડ' કરવામાં, તેની સાંકેતિક ભાષા સમજવામાં, તેના રુદનમાં છુપાયેલી તેની તકલીફમાં.

કોઈ રડતા બાળકને સાંભળીને જો તમારું રૂંવાડું પણ નથી ફરકતું, તો તમારા વતી ઈશ્વરની હું માફી માંગી લઉં છું. કેટલાક વાલીઓ પાસે સંવેદના નથી હોતી. તેઓ ફક્ત પ્રજનન કરી શકે છે, બાળ - ઉછેર નહીં. રીપ્રોડકશનના પરિણામ રૂપે જે વૃદ્ધિ પામે છે, એને બાળક મોટું થયું કહેવાય. ઊછર્યું ન કહેવાય બાળ - ઉછેરમાં એમ્પથી જોઈએ, સિમ્પથી જોઈએ. કરૂણા, સહાનભૂતિ, વિશ્વાસ, સદ્ભાવના જોઈએ. બાકી, પ્રજનન તો પ્રાણીઓ પણ કરે છે. તેઓ પણ પોતાનાં બાળકોનું રક્ષણ અને પોષણ કરે છે.

આપણે પ્રાણીઓથી એ વાતમાં અલગ પડીએ છીએ કે આપણે ફકત ઉછેર નથી કરતા, આપણે કેળવણી આપીએ છીએ.

### ૨. આઈ કોન્ટેકટ :

વિશ્વાસ પ્રસ્થાપિત કરવા માટે આંખોનું મળવું જરૂરી છે. જયારે આપણે કોઈને કહીએ છીએ કે 'મને તારા પર વિશ્વાસ છે' ત્યારે એની આંખોમાં જુઓ.

જો એ વ્યકિત એક વાર આપણી આંખો સાથે આંખો મેળવી શકશે, તો એ મોટે ભાગે કયારેય વિશ્વાસઘાત નહીં કરી શકે. જો વિશ્વાસ મૂકતી વખતે આપણી આંખો નમેલી હશે, અથવા બાળકનું ધ્યાન બીજે ક્યાંય હશે તો એ સ્પાર્ક નહીં થાય.

બાળકના ચહેરાને બે હાથની વચ્ચે લઈ, વહાલ કરી, તેની આંખોમાં જોઈને કહો, 'બેટા, આઈ ટ્રસ્ટ યુ.' આ વિશ્વાસ બાળકને તીરની જેમ વાગે છે અને એના હૃદયમાં ખૂપી જાય છે.

### ૩. પ્રતિક્રિયા નહી, પ્રતિસાદ આપો :

'ડુ નોટ રિએકટ, જસ્ટ રિસ્પોન્ડ', પ્રતિક્રિયા આપવી અને પ્રતિસાદ આપવો એમાં તફાવત છે.

બાળકોને અવારનવાર આપણી મદદની જરૂર પડતી હોય છે. પડશે જ. સો ટકા પડશે, કારણ કે તેઓ આપણા પર ડિપેન્ડન્ટ છે. એ વાતનો આપણે ક્યારેક ગેરલાભ ન ઉઠાવવો જોઈએ.

જો એને એવી ખાતરી હશે કે એ જયારે આપણી પાસે આવે ત્યારે ઓવર - રિએક્ટ કર્યા વગર કે કોઈ પણ જાતના નાટક કર્યા વગર આપણે ફક્ત અને ફક્ત તેની મદદ કરશું, તો એ નિશ્ચિતપણે આપણી પાસે આવશે.

બાળકો ઘણી વાર આપણી મદદ એટલા માટે નથી માંગતા,

# તો બાળકની અંદર વિશ્વાસ ઉગાડવા માટે શું કરવું જોઈએ.

કારણ કે આપણે તેમને મદદ કરવાને બદલે સલાહ આપવા માંડીએ છીએ. તેમને સંભાળાવવા માંડીએ છીએ. તેમના પર ગુસ્સો કરવા લાગીએ છીએ.

ધારો કે બાળકથી કોઈ કાચનો ગ્લાસ તૂટી ગયો. ઓબવિયસલી. એ અજાણતા જ તૂટયો હોય. (એટલો વિશ્વાસ હોવો જોઈએ કે બાળક જાણી - જોઈને ક્યારેય નુકસાન ન કરે.) કાચ તૂટવાથી બાળક ગભરાય ગયું હોય. એને પોતાની ભૂલનો એહસાસ થઈ ગયો હોય કે મારે આમ નહોતું કરવાનું. પણ હવે નીચે પડેલા કાચના ટુકડા સાફ કરવા માટે એણે આપણી મદદ માગવી જ પડશે.

એ સમયે કાચના ટુકડા વાળવામાં એની મદદ કરવાને બદલે, આપણે કાચ કેમ તોડયો? એ વિષય પર એને લેકચર આપવા લાગીએ કે સલાહો આપવા લાગીએ, તો બાળક બીજી વાર આપણી પાસે નહીં આવે. કારણ કે એ શું માંગે છે? અને આપણે શું આપી રહ્યા છીએ?

એણે મદદ માંગી છે, લેકચર નથી માગ્યું. એને કોઈ સહાયકની જરૂર છે, કોઈ નિર્દેશકની નહીં, એને એક મિત્રની જરૂર છે, કોઈ બૉસની નહીં.

આવા સમયે જો આપણે કોઈ જ દલીલો, પ્રશ્નો કે સૂચનો કર્યા વગર મૂંગા મોઢે બાળકની મદદ કરીએ તો એ કેટલું ગ્રેસફૂલ લાગશે ? બાળક આપણું ફેન થઈ જશે. આપણા પ્રેમમાં પડી જશે. આ જ ચાન્સ છે. એનો વિશ્વાસ જીતવાનો. જો એક વાર આપણે તેમનો વિશ્વાસ જીતી લીધો, તો પછી આપણે આજીવન ચિંતામુક્ત થઈને સૂઈ જવાનું છે.

કારણ કે વિશ્વાસ ઉગાડવા માટે વિશ્વાસ વાવવો જરૂરી છે. એ બાય - ડાયરેક્શનલ પ્રક્રિયા છે. એ આદાનપ્રદાનની પ્રક્રિયા છે. જો બાળકે આપણામાં મૂકેલો વિશ્વાસ અખંડ રહેશે તો બાળક પણ આપણો વિશ્વાસ કયારેય નહીં તોડે.

### ૪. જો પ્રોમિસ આપો, તો પ્રોમિસ પાળો :

બાળકો માટે આપણે આદર્શ હોઈએ છીએ. તેઓ આપણને જોઈને તેમના પોતાના ધોરણો નક્કી કરતા હોય છે. વી સેટ ધેર સ્ટાન્ડર્ડ્સ.

વચનબદ્ધતા તેઓ ફક્ત અને ફક્ત આપણી પાસેથી જ શીખતા હોય છે. આપણે કહેલી વાતોને આપણે કેટલી શિસ્ત અને ચોકસાઈપૂર્વક અનુસરીએ છીએ, એ વાતની બાળક નોંધ લેતું જ હોય છે.

જો એમને કરેલા પ્રોમિસિઝ આપણે જ નહીં પાળીએ, તો એમની પાસેથી કોઈ પણ પ્રકારની વિશ્વસનીયતાની અપેક્ષા રાખવી વ્યર્થ છે. જો બાળક માટે આપણે વિશ્વસનીય કે એકાઉન્ટેબલ હોઈશું, તો જ ભવિષ્યમાં બાળકો વિશ્વસનીય બનશે.

### ૫. પારદર્શકતા :

બાળકો સાથે કોઈ પણ પ્રકારની રમત કે કાવતરું ન કરવું, એમને અંધારામાં ન રાખવા, એમનાથી કોઈ ઓબ્વિયસ વાત ન છુપાવવી એ પેરેન્ટલ સંસ્કાર છે.

આપણે કોઈ પરફેકટ નથી. આપણને કોઈને વાલી કે પેરેન્ટ બનવાનો અનુભવ નથી. પેરેન્ટિંગમાં આપણે કોઈ ડિગ્રીઓ લઈને કે તાલીમ લઈને નથી આવ્યા. આપણે ભૂલો કરવાના જ છીએ. તેમના ઉછેરમાં, તેમની સાથેના વર્તન અને વ્યવહારમાં અસંખ્ય ભૂલો થશે. પેરેન્ટિંગ એક જ એવો વ્યવસાય છે જેમાં અઢળક ભૂલો કરવાનો સ્કોપ રહેલો છે અને છતાં કોઈ નોકરીમાંથી નથી કાઢતું.

પેરેન્ટિંગ એ એવર-લર્નિંગ સબ્જેકટ છે. આપણે કાયમ શીખતાં રહેવાના છીએ. બાળકો આપણને એવા નવા નવા પાઠ ભણાવે છે (કયારેક તો ઊઠા પણ) કે રોજ કંઈક ને કંઈક આઉટ ઑફ સિલેબસ આવી જ જતું હોય છે. પણ આપણી આ ખામીઓ, નબળાઈઓ, ભૂલો પ્રત્યે પારદર્શક રહેવું એ બહુ જ અગત્યનું છે.

આપણે બાળકોને સોરી કહેતા શીખવું જ પડશે. તેમની આંખોમાં આંખો નાખીને, કાન પકડીને તેમને કહેવું પડશે કે બેટા, મારી ભૂલ થઈ ગઈ, તારી સાથે મેં યોગ્ય વર્તન ન કર્યું. પ્લીસ મને માફ કરી દે.

બાળકો આપણા કરતા અનેક ગણા વધારે ઉદાર હોય છે. એમનો ગુસ્સો, એમના રિસામણા ક્ષણભંગુર અને ઘડીકના હોય છે. એ વધારે સમય ટકતા જ નથી. આપણે સોરી કહીએ કે ન કહીએ, બાળકો આપણ ને માફ કરી જ દેતા હોય છે. તો વધારે યોગ્ય એ જ રહેશે કે થોડી ગ્રેસ બતાવીને આપણે તેમની માફી માગી લઈએ.

માફી માંગીને આપણે તેમને માફી માગતા શીખવાડીએ છીએ. આપણે એ મેસેજ પહોંચાડીએ છીએ કે માફી માગવી, એ કોઈ શરમ કે હાર સ્વીકારવાની વાત નથી. એના માટે કેરેકટર જોઈએ, ઈન્ટિગ્રિટી જોઈએ, હિંમત જોઈએ. આપણે કોઈ પરફેકટ નથી એટલે ભૂલો થવી સ્વાભાવિક છે.

ઈન શોર્ટ, આ આટલી લાંબી વાર્તાનો ટૂંકસાર એટલો જ થાય કે આપણા બાળકો પર કેટલો વિશ્વાસ મૂકવો? એનો આધાર એ વાત પર રહેલો છે કે આપણને આપણા પેરેન્ટિંગ પર કેટલો વિશ્વાસ છે?



## થર્મોમીટર અને થર્મોસ્ટેટ




તમને થર્મોમીટર અને થર્મોસ્ટેટ વચ્ચે શું ફેર છે તેની ખબર છે? થર્મોમીટર ફક્ત ઉષ્ણતામાન માપે છે. એ વિષે તેથી આગળ તે કંઈ કરતું નથી. જ્યારે થર્મોસ્ટેટ ઉષ્ણતામાન માપે છે અને પછી પ્રતિક્રિયા વ્યક્ત કરે છે. જરૂરી પગલાં લે છે. જો ઉષ્ણતામાન ખૂબ વધુ હોય તો થર્મોસ્ટેટ તેને ઠંડું બનાવવા હીટર બંધ કરી દે છે. જો ઉષ્ણતામાન ઓછું હોય તો થર્મોસ્ટેટ હીટર ચાલુ કરી દઈ વાતાવરણ ગરમ બનાવવાનો પ્રયત્ન કરે છે. આમ થર્મોસ્ટેટ ઉષ્ણતામાન માપે છે અને પછી નિષ્ક્રિય રહેવાને બદલે જરૂરી પગલાં ભરે છે.

થર્મોમીટર એક નિષ્ક્રિય સાધન છે જ્યારે થર્મોસ્ટેટ એક સક્રિય સાધન છે. તેઓ બન્ને ઉષ્ણતામાન માપે છે પણ થર્મોસ્ટેટ એક ડગલું આગળ વધી જરૂરી પગલાં ભરે છે.

કેટલાક લોકો થર્મોમીટર જેવા હોય છે - તેઓ નિષ્ક્રિય બનીને તેમની સાથે જે બની રહ્યું હોય તેને બનવા દે છે. ભલે તે તેમના માટે નુકસાન કર્તા કેમ ન હોય. તેમના જીવનમાં મુશ્કેલીઓ અને અડચણો આવે ત્યારે તેઓ વિચારે છે કે તેઓ એ વિષે કંઈ કરી શકે તેમ નથી. તેઓ બસ લાચાર બનીને સંકટોના મૂક સાક્ષી બની રહે છે. તેઓ એમ ધારી બેઠા હોય છે કે તેમની પાસે (પરિસ્થિતિ બદલવાની) તાકાત નથી.

બીજાઓ થર્મોસ્ટેટ જેવા હોય છે. તેઓ જેવા મુશ્કેલીમાં ફસાય કે તરત તેને દૂર કરવાના પ્રયત્નોમાં લાગી જાય છે. તેઓ વિશ્વાસ ધરાવે છે કે કૈંક થઈ શકશે. (મુશ્કેલીમાંથી છૂટકારો મેળવવા માટે) કોઈક ઉકેલ લાવી શકાશે. દરેક ઘાનો કોઈક મલમ જરૂર હોય છે. તેઓ પ્રતિક્રિયા વ્યક્ત કરે છે. તેઓ બેસી રહેવાને બદલે, કાર્યરત થઈ જાય છે.

મુશ્કેલીઓને તમારા જીવનનું અવિભાજ્ય અંગે ગણી આવકારો. જ્યારે તે આવે ત્યારે ટટ્ટાર ઊભા રહો, તમારું મસ્તક ઊંચું રાખો, મુશ્કેલીની આંખમાં આંખ પરોવી જુઓ અને કહો, હું તારાથી કંઈક મોટો છું. તું મને હરાવી કે ઝુકાવી શકશે નહીં બીજા શબ્દોમાં કહીએ તો હિંમતપૂર્વક અને સર્જનાત્મક રીતે મુશ્કેલી સામે ઝઝૂમો.

શું તમે જાણો છો, તમે તમારા માર્ગમાં આવતી કોઈ પણ મુશ્કેલી કરતાં મોટા બની શકો છો? જો તમે કદાચ અટકી ગયા હોવ અને ડરી ગયા હોવ કે તદ્દન લાચારી કે નિસહાયતા અનુભવતા હોવ ત્યારે સમય છે હિંમત ન હારીને પ્રતિક્રિયા વ્યક્ત કરવાનો, સક્રિય બની જવાનો, તમારામાં આશા - વિશ્વાસ જીવંત કરવાનો. જ્યારે તમે મુશ્કેલી કરતાં મોટા બની જાઓ છો ત્યારે તે તમને હરાવી શકતી નથી. બસ જરૂર છે બહાનાં ન બનાવવાની.

તો હવે કહો જોઈએ આજથી તમે થર્મોમીટર જેવા બનશો કે થર્મોસ્ટેટ જેવા ?

પુસ્તક : આભૂષણ

## ભગવાનની કેક

એક નાનકડો છોકરો એનાં દાદીમાને મળવા ગયો. હજુ માંડ બે દિવસ પહેલા એ તાવમાંથી ઊભો થયો હતો. નિશાળે નહીં જઈ શકવાને લીધે હોમવર્ક પણ ખાસ્સું ભેગુ થઈ ગયું હતું. એના મમ્મી પપ્પા પણ આર્થિક સંકડામણના કારણે ચિંતામાં રહેતાં હતાં. ઘરમાં વડચકાં તેમજ નિશાળમાં પણ વડચકાંથી ત્રાસીને બિચારો તેનાં દાદીમા પાસે હળવો થવા ગયો હતો.

દાદીમા એ વખતે કેક બનાવતાં હતાં. છોકરો પોતાની બધી ચિંતાઓ યાદ કરીને દાદીમાને ફરિયાદ કરવા માંડ્યો. ઘણી બધી વાર સુધી એણે રોદણાં રોયાં. દાદીમા હોંકારો દેતાં દેતાં પોતાનું કામ કરતાં રહ્યાં. બાળકની વાત પૂરી થઈ એટલે તેમણે પૂછ્યુ, " બેટા ! તું ભૂખ્યો તો થયો જ હઈશ ! કંઈ ખાવું છે ? કેક બનતાં તો હજુ થોડીક વાર લાગશે."

હવે દાદીમા વહાલથી આવું પૂછે તો દુનિયાનો કયો પૌત્ર ના પાડે? આમેય કેકની મીઠી સોડમ તો શરૂ થઈ જ ગઈ હતી !! બાળકે હા પાડી. દાદીમાએ એક વાડકીમાં ઘઉંનો કાચો લોટ ભરી બાળક પાસે મૂક્યો. "લે ખા!"

બાળકને નવાઈ લાગી : "દાદીમા ! લોટ તો કંઈ ખવાતો હશે ? એ તો કેવો ભંગાર લાગે ?"



" એમ? તો આ પી લે!" આ વખતે દાદીમાએ એક વાડકીમાં ખાવાનું તેલ ભરીને આપ્યું.

બાળકથી હસી પડાયું. એને થયું કે દાદીમા મજાક કરી રહ્યાં છે. એણે ના પાડી.

" તો આ તો તને ભાવશે જ ! " આ વખતે દાદીમાએ એને કાચાં ઈંડાં તોડીને આપ્યાં. છોકરાને થયું કે નક્કી દાદીમા એને ચીડવી રહ્યાં છે. એના મોઢા પર ગુસ્સાનો તેમજ અણગમાનો ભાવ આવી ગયો. એ બોલ્યો, " આવું બધું તે કંઈ ભાવતું હશે ? તમે પણ ખરાં છો દાદીમા ! આ બધી વસ્તુઓ તો ગળે ન જ ઊતરે ! "

દાદીમા આ વખતે ગંભીર બનીને બાળકની આંખમાં જોઈને બોલ્યાં, " બેટા !! આ બધી વસ્તુઓ જ કેક બનાવવામાં વપરાય છે. છતાં પણ છૂટી ખાઈએ તો કેટલી ખરાબ લાગે છે નહીં? પણ જ્યારે સરખી રીતે મિશ્રણ કરીને કેક બનાવીએ તો કેવી સરસ બને છે! સ્વાદ પણ સરસ બની જાય છે. દીકરા મારા ! એવી જ રીતે ભગવાનના ઘરનું કામ ચાલે છે. આપણને ઘણી વખત એવું લાગે કે આટલા ખરાબ સમયમાંથી કેમ પસાર થવું અને આટલી બધી તકલીફો શું કામ ભોગવવી. પરંતુ ભગવાન જાણે છે કે જ્યારે તે આ બધી વસ્તુઓને, બધાં દુઃખો તેમજ તકલીફોને બરાબર ગોઠવી દેશે ત્યારે જરૂર એકાદ નવીન અને અદભૂત વસ્તુ બનશે. બસ આપણે ફક્ત એની પર એવી રીતે વિશ્વાસ રાખવો જોઈએ જેવી રીતે તું અત્યારે મારી પર રાખી રહ્યો છે ! તને ખાતરી જ છે કે આ બધી વસ્તુઓમાંથી બની હોવા છતાં આપણી કેક સરસ જ થવાની. ભગવાન પણ દુઃખોના ચૂલામાં તપાવીને જીવનની કેકને સાચો સ્વાદ આપતો હોય છે. અને દીકરા ! બરાબર તપે નહીં તો કેકનો સરસ સ્વાદ આવે શી રીતે ? "

બાળક અપલક નેત્રે દાદીમા સામે જોઈ રહ્યો.

મૂળ શીર્ષક : ગૉડસ્ કેક

VASISHTHA GROUP OF SCHOOL

શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ.
ગુજરાતી માધ્યમ / દ્વિભાષી માધ્યમ
નર્સરી થી ધો. ૧૨ સાયન્સ/કોમર્સ
☎ 02621 255551/3 ✆ 91734 02809 / 91733 15555

વસિષ્ઠ જેનેસિસ સ્કૂલ, બાબેન.
ગુજરાતી માધ્યમ
ધો. ૧ થી ૧૨ સાયન્સ/કોમર્સ
☎ 02622 225542/43 ✆ 91576 44555
www.vasishthagensisschool.net